ગાંધીનગર સમાચાર

તા. ૨૨-૬-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### યોગ પર્વની ઉજવણી સંપન્ન

ભારતના મહાન સાંસ્કૃતિક વારસાના પ્રતીક સમાન યોગની મહત્તા આખી દુનિયાએ સ્વીકારી, એ ભારતીય નાગરિકો માટે સ્વાભાવિક રીતે બહુ જ મોટી ગૌરવ ઘટના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગને આંતરરાષ્ટ્રીય ફલક પર મૂકી આપીને એક યાદગાર ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. પરંતુ યોગનું રાજકારણ કે સંપ્રદાયકારણ એ ઘણી કમનસીબ બાબત છે, જે એક યા બીજા સ્વરુપે છેલ્લા કેટલાય મહિનાઓ દરમિયાન આપણે સૌએ જોયું છે. યોગ એ ભારતીય સંસ્કૃતિની વિશ્વને - સમસ્ત માનવજાતને મળેલી અણમોલ ભેટ છે, વિરાસત છે. એનો મહિમા તો દુનિયાએ સ્વીકાર્યો જ હતો, પરંતુ યુનોએ ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરીને એને દસ્તાવેજી સ્વરુપ આપ્યું છે. આ પ્રસંગે દિલ્હીનો રાજપથ 'યોગપથ' માં ફેરવાઇ ગયો, તેને પદ્ધતિસરનું આયોજન જ કહેવું પડે. મોદી પણ કોઇ સિદ્ધિને મહોત્સવમાં ફેરવવાની કળાના જાણતલ છે. વડાપ્રધાન મોદી ખુલ્લાં શ્વેત વસ્ત્રોમાં આ પ્રસંગે ઉપસ્થિત રહીને પોતે પણ યોગાભ્યાસમાં સામેલ થયા, તે ઘણી મહત્ત્વની ઘટના છે. બાળકો વચ્ચે બેસીને એમણે પણ આસનો કર્યાં. દિગ્વિજયસિંહ જેવા એને તમાશો કહે તે બરાબર નથી. વડાપ્રધાન પદના પ્રોટોકોલ ફગાવીને યોગાસનો કરવાં તે મોદીનો યોગપ્રેમ દર્શાવે છે. અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા ઉપરાંત દિલ્હીના ઉપરાજયપાલ પણ યોગાભ્યાસમાં સામેલ થયા. જયપુરમાં મુખ્યમંત્રી વસુંધરા રાજેએ જાહેરમાં યોગાભ્યાસ કર્યો. સુષમા સ્વરાજે યુનોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. યોગનો સ્વીકાર બીજા અર્થમાં ભારતનો જ સ્વીકાર જ ગણાય. વડાપ્રધાન મોદીની દરખાસ્તને તાબડતોબ ૧૭૭ દેશોનું સમર્થન સાંપડ્યું, તે કોઇ નાનીસૂની બાબત નહોતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દુનિયાના ૧૯૨ દેશોમાં ઉજવાયો છે. સૂર્ય નમસ્કાર અને 'ૐ' સામે ઇસ્લામના નામે વાંધાવચકા કાઢવાની કોશિશ થયાં છતાં તાઇવાનમાં સૂર્યનમસ્કાર સાથે જ યોગાભ્યાસ થયો છે. યોગ પર ભારતનો એકાધિકાર કે 'પેટન્ટ' નથી. એ સર્વસુલભ સ્વસ્થ જીવનની ચાવી તરીકે સર્વસ્વીકૃત બની રહેલ છે. ભારતમાં એનો ઉદય થયો, એનું ગૌરવ અવશ્ય લઇ શકાય. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પણ રાષ્ટ્રપતિભવનના કલબ હાઉસમાં યોગાભ્યાસ કરવા કર્મચારીઓ વચ્ચે શ્વેત વસ્ત્રોમાં હાજર રહી ભારતીય અસ્મિતાના પ્રતીક પર્વનો પ્રારંભ કરાવ્યો. ભારતીય જનતા પાર્ટીએ યોગ જાણે અંગત અસ્કામત હોય એવો દેખાડો કરવાની કોશિશ કરી, તેથી પ્રસંગની ગરિમા લોપાઇ છે. કોંગ્રેસ પાર્ટીએ એનો બહિષ્કાર કરીને બુદ્ધિનું દેવાળું ફૂક્યું છે. આવા મુદ્દા પર સર્વસહમતિ ન સધાય તે દેશનું દુર્ભાગ્ય જ ગણાય. વળી આવા કાર્યક્રમો સરકારી ખર્ચે થાય તે પણ ઉચિત નથી. આવા કાર્યક્રમો પ્રજાકીય સ્તરે થાય તો જ એમનું ગૌરવ સચવાઇ શકે. કોંગ્રેસે એટલું તો સ્વીકારવું જ જોઇએ કે જે કામ સાઠ વર્ષના શાસનકાળમાં એના નેતાઓ નથી કરી શક્યા તે મોદીએ કરી બતાવ્યું છે. ગિનેશ બુકમાં નામ નોંધાવવાના ધખારા કરતાં ભારતીય સંસ્કૃતિની પ્રતિષ્ઠા વધારવાની બાબત જ વધુ મહત્ત્વની ગણાવી જોઇએ.

## જે.બી. પ્રાથમિક શાળામાં યોજાયો શાળા પ્રવેશોત્સવ

શાળા પ્રવેશોત્સવ અંતર્ગત રાજ્યભરમાં સરકાર તથા પંચાયતો દ્વારા શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ચાલે છે ત્યારે તા. ૧૯ જૂન શુક્રવારે શાળામાં નવા દાખલ થયેલા ધોરણ-૧ના બાળકોનાં પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

'વિદ્યા અમારી શક્તિ છે, વિદ્યા અમારી ભક્તિ છે, વિદ્યા અમારી સંપત્તિ છે.' 'દરેક બાળકને ભણાવો, આવો પ્રવેશોત્સવ મનાવો' - જેવા નારા સાથે વિદ્યાર્થીઓને કુમકુમનો ચાંદલો કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. અને દરેક બાળકે વિદ્યાની દેવી મા સરસ્વતીને વંદનસહ પ્રાર્થના કરી શાળામાં પ્રવેશ કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોએ સુંદર વેશભૂષામાં તૈયાર થઈ કાર્યક્રમને અનોખો રંગ આપ્યો હતો અને કાર્યક્રમને દિપાવ્યો હતો. સાથે સાથે રથયાત્રાને અનુરૂપ ફણગાવેલા મગ અને કાકડી જેવો પૌષ્ટિક પ્રસાદ આપવામાં આવ્યો હતો.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં શેઠ સી. એમ હાઈસ્કૂલના આચાર્ય શ્રી બચુભાઈ પટેલ, શાળાના ઈન્ચાર્જ આચાર્યશ્રી, સુપરવાઈઝરશ્રીઓ તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓનું ભાવી તેજસ્વી બને અને શાળા તથા પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા હતા.

# રાજભવનમાં યોગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી નિમિત્તે આજે રાજભવનમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની ઉપસ્થિતિમાં યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓ તથા તેમના પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

રાજ્યપાલશ્રીએ તેમના પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું કે આજે સમગ્ર દેશ સહિત વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ રહી છે. વિશ્વમાં લોકો યોગ વિદ્યાથી આકર્ષિત થયા છે, તે આપણા સૌના માટે ગૌરવની વાત છે.

તેમણે જણાવ્યું હતું કે પ્રાચીન સમયમાં આપણા ઋષિ-મુનિઓએ યોગવિદ્યા સમગ્ર માનવજાતના કલ્યાણ માટે વિકસિત કરી હતી. યોગ માત્ર શારીરિક ક્રિયા નથી પણ તે મન અને શરીર બન્નેને જોડીને સંતુલિત રાખનારી ક્રિયઆ છે. 'યોગઃ કર્મસુ-કૌશલમ્।' યોગથી આપણા કાર્યોમાં કુશળતા પ્રાપ્ત થાય છે અને આપણે આપણા કાર્યો ખુબ સારી રીતે કરી શકીએ છીએ. આધુનિક જીવનશૈલીથી થતા રોગોના ઉપચાર માટે યોગમાં અનોખી શક્તિ છે, એમ તેમણે ઉમેર્યું હતું.




ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગ્રહથી યોગના મહત્વને માન્યતા પ્રદાન કરી સંયુક્ત રાષ્ટ્ર સંઘે ૨૧ જૂન, ૨૦૧૫ને 'આંતરરાષ્ટ્રીય યોગ દિન' તરીકે જાહેર કર્યો છે, જે આપણા સૌના માટે અત્યંત ગૌરવની વાત છે. સ્વસ્થ અને નિરોગી જીવન માટે યોગને જીવનમાં સહજભાવથી અપનાવા તેમણે સૌને જણાવ્યું હતું. આંતરરાષ્ટ્રીય યોગદિન ઉજવણીના ભાગરૂપે રાજ્યપાલશ્રીએ સૌને સંકલ્પ લેવડાવ્યો હતો.

રાજ્યપાલશ્રીએ યોગ પ્રશિક્ષક શ્રી અશ્વિન દવે કે જેઓ દિવ્ય જીવન સંઘ, ગાંધીનગરના ઉપ પ્રમુખ છે, તેમનું શાલ ઓઢાડી અભિવાદન કર્યુ હતુ. યોગ પ્રશિક્ષક શ્રી અશ્વિનભાઈ દવેએ યોગાસનો કરાવ્યા હતા.

## સિસિકા સભ્યોના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરશે

ધોરણ-૧૦ અને ૧૨માં ૭૫ ટકા થી વધુ ગુણ મેળવનાર સિનિયર સિટીજન કાઉન્સિલના સભ્યોના બાળકોને સિસિકા સન્માન કરશે. સિસિકાના સભ્યોના પૌત્ર, પૌત્રી, દોહિત્ર, દોહિત્રીનું સન્માન કરવામાં આવશે. જે બાળકોએ ૭૫ ટકા ગુણ મેળવ્યા છે. તેવા વિદ્યાર્થીઓની માર્કશીટ નકલ ૩૦ જૂન સુધી કાર્યાલય ખાતે મોકલી આપવા જણાવ્યું છે.



**યોગમય બન્યું લોદ્રા :** ગાંધીનગર જિલ્લાના લોદ્રા ગામે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વહેલી સવારે એક હજાર બાળકોએ યોગાસનો કર્યા હતા. ગામના વતની અને સરકારના સંયુક્ત સચિવ એ. ડી. પટેલના નેતૃત્ત્વમાં યોજાયેલ કાર્યક્રમથી ગામના પરત્વે જાગૃતિનું નિર્માણ થયું હતું.

## હરિની દૃષ્ટિ...



જો વેવાઈ..., નૂડલ્સ બનાવતા તો બેબીને આવડે જ છે... નૂડલ્સ બંધ થાય એમાં તમે સગાઈ ફોક કરો એ ન ચાલે...!

## આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

શ્રીમતિ આર.એન. પટેલ પ્રાયમરી શાળામાં ધોરણ-૧ના બાળકોનો પ્રવેશોત્સવ રાખેલ તેમાં ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓ દ્વારા ધો. ૧ના બાળકોને કળશ દ્વારા તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યાર પછી બાળકોને રંગીન ટોપીઓ પહેરાવીને ઊંટની સવારી કરાવીને બાળકોએ ભરપુર આનંદ મેળવ્યા પછી વાલી મિટિંગમાં વાલીઓને કંકુનુ તિલક કરી તેમનું સ્વાગત કર્યુ હતુ. વિદ્યાર્થીઓ રસપૂર્વક પોતાની અલગ અલગ કૃતિઓ રજુ કરી તેમાં ગણપતીદાદાની સ્તુતિ શ્લોક ભટ્ટ મોક્ષ દત્તેશકુમાર રજુ કર્યો. બારોટ નેન્સીએ બાળ વાર્તા અને સુંદર બાળગીત રજુ કરેલ. ચાવડા મૌર્ય ચાવડા પ્રેયા, શુકલ પ્રજાપતિ, ઋત્વિક વાળંદ, મિહિર ઠક્કર પ્રાચી દેસાઈ, મિતિષા ભટ્ટ યાત્રી, દેસાઈ ભવ્ય આ તમામ બાળકોએ બાળગીત, પોયમ, વાર્તા અને ફિલ્મી ડાન્સ રજુ કરવામાં આવ્યો. ધો. ૨ના વિદ્યાર્થીઓએ ડાન્સ કરી ધો. ૧ના વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યુ. વર્ગ શિક્ષકશ્રી નીતાબેન બી. અને પટેલ નીતાબેન આર.ને વાલીશ્રીઓને બાળકોના શૈક્ષણિક વિકાસ માટે માર્ગદર્શન પુરૂ પાડ્યું. આ તમામ વિદ્યાર્થીઓને શાળા તરફથી સુપરવાઈઝર શ્રી અશોકભાઈના હસ્તે પ્રોત્સાહિત ઈનામની કીટ અને નાસ્તા પેટે બિસ્કિટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## એક્શન અને ડ્રામાથી ભરપૂર હિન્દી ફિલ્મ લાયન ઓફ ગુજરાત

ગાંધીનગર, તા. ૨૧

અત્યાર સુધી બોલીવુડના પડદે ગુજરાતની પોલીસને મોટા પાયે ક્યારેય રજુ કરવામાં નથી આવી ત્યારે આવી રહેલી નવી એક્શન અને ડ્રામાથી ભરપૂર જુનના રોજ રીલીઝ થઈ જવા રહી છે અને જેમાં મુખ્ય અભિનેતા તરીકે પણ દિનેશ લાંબા જ નજરે પડશે.

આ ફિલ્મમાં અભિનય કરવા સાથે આ ફિલ્મને ડિરેક્ટ પણ દિનેશ

આ ફિલ્મનું મોટા ભાગનું શુટિંગ ગુજરાતમાં જામનગર, રાજકોટ, પોરબંદર સહિતના વિવિધ સ્થળોએ અને મુંબઈ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ગુજરાતના આઈપીએસ ઓફિસર




હિન્દી ફિલ્મ લાયન ઓફ ગુજરાત રૂપે હિન્દી ફિલ્મના પડદે પ્રથમવાર ગુજરાત પોલીસ અને ગુજરાતના આઈપીએસ ઓફિસરની બહાદુરી નજરે પડશે. બોલીવુડના જાણીતા એવા મુળ ગુજરાતી અભિનેતા દિનેશ લાંબા દ્વારા રજુ થઈ રહેલી આ ફિલ્મ આગામી ૨૬મી લાંબાએ જ કરી છે. અપ્પુ ફિલ્મ પ્રેઝન્ટસ અને જિતેન્દ્ર ગોહિલ નિર્મિત આ ફિલ્મમાં મુખ્ય કલાકારોમાં દિનેશ લાંબા ઉપરાંત હોમિ વાડીયા, જેકી પટેલ, આકૃતિ અગ્રવાલ અને અરમાન તાહિલ નજરે પડશે. જ્યારે આ ફિલ્મનું મ્યુઝિક આપ્યું છે સુરેન્દ્ર બચને. આર.કે. ચારનની જિંદગી અને પોલીસ ઓફિસર તરીકેની તેમની બહાદુરી તથા ગુજરાત પોલીસની કામગીરી પર આધારીત છે. ફિલ્મ પ્રોડક્શનની અદ્યતન ટેકનોલોજી સાથે દક્ષિણ ગુજરાતના અનેક જાણીતા ટેકનિશિયન્સે પોતાની કારીગરી બતાવી છે.



ગાંધીનગર પાસે આવેલ ધોળાકુવા સરકારી પ્રાથમિક શાળામાં મહેન્દ્રભાઈ ત્રિવેદી-ચેરમેન, પ્રવાસન નિગમની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શાળા કંપાઉન્ડમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં મધુબેન પ્રજાપતિ પ્રમુખ મહિલા મોરચા વોર્ડ નં. ૮, પંકજ ઠાકોર-ઉપાધ્યક્ષા ગાંધીનગર ભાજપ સહિત મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## નાથીબા કોલેજે યોગ દિવસની ઉજવણી કરી

સેકટર-૨૩ ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓ, પ્રાધ્યાપક ગણે યોગ દિવસની પ્રભાતે પદ્માસન, તાડાસન, વૃક્ષાસન, સવાસન, ત્રિકોણાસન, પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર સહિતના આસનો કર્યા હતા.

## યોગ નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજી

ગાંધીનગર, તા.૨૧

સેકટર-૮ આદર્શ નિવાસી શાળામાં યોગ દિવસ નિમિત્તે યોગ વિષયક સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધામાં શાળાની ધોરણ ૯ થી ૧૨ની વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. વિદ્યાર્થીનીઓએ વકતૃત્વ સ્પર્ધામાં યોગનું મહત્વ, ચિત્રમાં યોગ કરતા વિવિધ ચિત્રો અને નિબંધમાં યોગની લક્ષણિકતાઓ બખૂબી રજૂ કરી હતી તેમજ શાળામાં યોગાસનો કર્યા હતા.

# સ્ત્રી અને પુરૂષને એકસરખા કામ માટે એકસરખું વેતન - એ પ્રકારના કાયદાનો અમલ થાય તે સંદર્ભમાં દરેક રાજયમાં સલાહકાર સમિતિની રચના કરેલ છે

ગત અંકમાં આપણે ઈકવલ રેમ્યુનરેશન એકટ અંગે ચર્ચા કરી રહયા હતા. કાયદાની ખાસ વિશીષ્ટતા એ છે કે ભારતીય બંધારણના આર્ટીકલ-૧૪ અંતર્ગત જે કાયદા સમક્ષની સમાનતા અને કાયદાનું સમાન રક્ષણનો ઉલ્લેખ છે. તે સંદર્ભમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેનો ભેદભાવ દૂર કરવા માટેનો આ એક મહત્વનો આયામ છે. એટલે કે માનવ અધિકારના સંદર્ભમાં પણ દરેક માનવી સમાન છે અને દરેક માનવીને માનવ તરીકેના અધિકારો પ્રાપ્ત થવા જોઈએ. તે બાબત છે. તે વિશેષ રીતે આ કાયદામાં ખળીભૂત થતી જોવા મળે છે.

સ્ત્રી અને પુરુષને એકસરખા કામ માટે એકસરખું વેતન એ પ્રકારના કાયદાનો અમલ થાય તે સંદર્ભમાં દરેક રાજયમાં સલાહકાર સમિતિની રચના કરેલ છે. જો કે એ બાબતની નોંધ લઈએ કે આ પ્રકારના કાયદો હોવા છતાં અનેક પ્રકારના કામમાં માલિક તરફથી અલગ - અલગ બાબતનું વર્ગીકરણ બતાવીને હજુ આજે પણ કેટલાક રાજયોમાં અને કેટલાક ઉદ્યોગોમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે કયાંક કામગીરી સંદર્ભમાં ભેદભાવ જોવા મળે છે.

સ્ત્રી અને પુરુષ વચ્ચે સીધી રીતે કામનો ભેદભાવ જયારે પાડી શકાય તેમ ન હોય ત્યારે કારખાનું હોય, કોઈ જીનીંગ ફેકટરી હોય, મીલ હોય કે ઉદ્યોગનું કોઈપણ એકમ હોય તેમાં ખાસ કરીને કામના વિભાગો પાડી દેવામાં આવે છે અને આ વિભાગને આધીન કામનો દર નક્કી કરવામાં આવે છે. કેટલીક જગ્યાએ એવું પણ જોવા મળે કે સ્ત્રીઓ વધારે સમયમાં જોબવર્ક ઓછું કરી શકે તેવું માનીને પુરુષ કરતા સ્ત્રીના કામના કલાકોનો સમય વધારી દેવામાં આવે છે. આમ સ્ત્રીને વધારે કલાક કામ કરવું પડે તેમ છતાં પુરુષ જેટલા કલાક કામ કરે તેના કરતા વધારે કામ કરવા છતા વેતન સ્ત્રીને વધારે આપવામાં આવતું નથી.

શ્રમિક કાયદાઓ અંતર્ગત મોટા ભાગે કામ કરતા કામદારને વગર કારણે છુટો કરી દીધો હોય અને ભવિષ્યમાં ફરીથી તે કામે પુનઃ સ્થાપિત થવા સંદર્ભેના કામદારો તરફથી માલિક સામે મોટા ભાગે લેબર કોર્ટમાં કેસ થતા જોવા મળે છે. તો વળી કયાંક નોકરીમાં કાયમી કરવા અંગે, નોકરીમાં લાભો મેળવવા અંગે વગેરે પ્રકારના કેસો શ્રમિક માલિક વિરૂધ્ધ અદાલતમાં દાખલ કરે છે. શ્રમિકો માટેની અદાલત પણ દિવાની અને ફોજદારી અદાલતથી અલગ રીતે અસ્તિત્વ ધરાવે છે. જે અદાલતો લેબર કોર્ટ અને ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ છે. આપણે સમાન કામ સમાન વેતનમાં એ સંદર્ભે આગળ વધીએ તો ઉપર ચર્ચા કરી એ મુજબ આ કાયદાનું ભંગ કયાંક થતો જોવા મળે છે પરંતુ સરખું કામ સરખા કામ વેતન સંદર્ભેના કેસો ની સંખ્યા ઘણી ઓછી છે.




સ્ત્રી અને પુરુષની કામગીરી સમાન છે કે કેમ તે બાબત જયારે વિચારવામાં આવે ત્યારે કેટલીક બાબતો ધ્યાનમાં લેવાની હોય છે જે બાબતે વિચાર કરીએ તો સ્ત્રીઓને પુરુષ જેટલું સરખા કામ માટે વતન આપવા સંદર્ભે માલિક તરફથી પૂર્ણ રીતે વિચાર કરીને વેતન નક્કી કરવાનું છે. બીજું કે જો બે ખરેખર કામ વચ્ચે એટલે કે સ્ત્રી અને પુરુષ બન્નેના કામ વચ્ચે તફાવત હોય તો તેવો તફાવત જે ઉભો કરવામાં આવ્યો હોય તે ખરેખર વહેવારિક છે કે કેમ તેવું નક્કી કરવા માટે પણ માલિકે પોતાનો દ્રષ્ટિકોણ ઉદાર રાખવો પડશે. ત્રીજી અને અગત્યની બાબત એ છે કે સ્ત્રી અને પુરુષ ખરેખર જે કામ કરે તે બાબતને જ ધ્યાનમાં લેવી જોઈએ નહિં કે સૈધ્ધાંતિક રીતે થઈ શકે તે?

કેટલીક બાબતોમાં પ્રથમ દ્રષ્ટિએ જ સ્ત્રી અને પુરુષના કામ અલગ હોય તેવા કેટલાક ઉદાહરણ જોઈએ તો ભારે માલ ઉતારવો કે ચડાવવો જો આ પ્રકરનું કામ હોય તો તેમના પગારમાં અસમાનતા હોય અને ભેદભાવ સંદર્ભે ફરીયાદ કરવામાં આવે તો થયેલ કામનું યોગ્ય મૂલ્યાંકન કરવું જોઈએ. સમગ્ર રીતે જોઈએ તો, શુધ્ધ વિચારથી વ્યાજબી રીતે અને બુધ્ધિ રીત લક્ષ્ય રીતે જો પગારનું ધોરણ સમાન ન હોય તો આવા સમાન ધોરણ નહીં હોવા પાછળ ન હોવાના કારણો સ્પષ્ટ હશે અને તે રીતે સ્ત્રી અને પુરુષ કામદારના પગારમાં ભેદભાવ બનતો નથી.

આપણે જયારે ભેદભાવની નીતિની સંદર્ભમાં વાત કરી રહયા છીએ ત્યારે ભારતીય બંધારણમાં આ બાબત સ્પષ્ટ છે. બંધારણના અનુચ્છેદ-૩૯(ડી) અને તેમના માર્ગદર્શક સિધ્ધાંતોમાં સામાજિક ન્યાય સંદર્ભે વિશેષ ઉલ્લેખ છે. કોઈપણ નાગરિકનું તેને જ્ઞાતિને કારણે તે ગરીબ હોવાને કારણે શોષણ ન થાય તે જોવાની રાજયની ફરજ છે.

આપણે આગળ ચર્ચા કરી કે દરેક રાજયમાં સમાન કામ માટે સમાન વેતન સંદર્ભમાં કમિટી રાજય સરકાર ધ્વારા રચવામાં આવશે. ઈકવલ રીમ્યુનરેશન એકટ - ૧૯૭૬ની કલમ ૬(૧) માં આ સંદર્ભે જોગવાઈ કરવામાં આવેલ છે. કાયદા મુજબ સલાહકાર સમિતિઓ એકથી વધુ પણ રચના થઈ શકે છે. આવી સલાહકાર સમિતિમાં દશ વ્યકિતઓની નિમણૂંક કરવામાં આવશે. આ દશ વ્યકિતઓ પૈકી ૫૦ % સ્ત્રી સભ્યોને નિમણૂંક આપવામાં આવશે.

સલાહકાર સમિતિનું કાર્યક્ષેત્ર જોઈએ તો આ સલાહકાર સમિતિનું મુખ્ય કામ કેન્દ્ર સરકાર જાહેર કરે તે તે સંસ્થાઓમાં કેટલી સ્ત્રીઓને કામે લગાડવી તે સંદર્ભે સલાહ આપવાનું છે. આવી સલાહકાર સમિતિએ સલાહ આપતી સમયે કેટલીક બાબતો ધ્યાને લેવાની છે. જે બાબતે જોઈએ તો, (૧) કામ ઉપર રાખવામાં આવેલી સ્ત્રીઓ

(૨) કામે રહેલી સ્ત્રીઓના કામનો પ્રકાર

(૩) નોકરીમાં રહેલ સ્ત્રીઓના કામના કલાકો

(૪) નોકરીમાં કામ કરવા સંદર્ભે સ્ત્રીઓની અનુકૂળતા

(૫) સ્ત્રીઓને પાર્ટટાઈમ માટે નોકરીએ રાખવી જરૂરી છે કે કેમ

ઉપરોકત બાબતો ઉપરાંત આ કમિટી આ બાબતના સંદર્ભમાં અન્ય જે જે બાબતો લાગે તે ધ્યાને લઈ શકે છે. જો કમિટીને એમ લાગે કે સલાહકાર સમિતિની સૂચનાનું અમલ થતો નથી તો કમિટીની સૂચનાનો અનાદર કરવો તે પણ શિક્ષાપાત્ર છે. પરંતુ કમિટીની સૂચનાનો અમલ થતો નથી તે સંદર્ભે પણ માલિકને રજૂઆત કરવાનો પણ અધિકાર છે. આમ જોઈએ તો સમાન કામ સમાન વેતન એ કાયદો સાચા અર્થમાં અમલ થાય અને કાયદો કરવાનો હેતુ બર આવે તેથી આ પ્રકારની સલાહકા સમિતિની રચના કરવામાં આવી છે.

શ્રમિક મહિલાઓના પણ અનેક પ્રશ્નો અમોને મળેલ છે. ખાસ કરીને છુટક કામ, કડિયા કામ અને એ પ્રકારના અલગ - અલગ કામ કરતા બહેનોના પ્રશ્નો અને તેના જવાબ સાથે મળીએ આવતા અંકે......